*Phoenix: International Multidisciplinary Research Journal*
*Vol. 2, No. 1, January-March, 2024*
*ISSN: 2583-6897*

# ભારતીય સાહિત્યના અમૂલ્ય વૈભવ  કથાસાહિત્યનું વિહંગાવલોકન

ડો.જય ઓઝા
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

## ➢ કથા એટલે શુ ?

√कथ કહેવુ એવા અર્થવાળા ધાતુ પરથી કથા શબ્દ બનેલો છે. 'કહેવું' ક્રિયાને ચરિતાર્થ થવા માટે અનિવાર્ય રીતે તેમાં બે શરતો રહેલી છે. (1) વક્તા અને (2) શ્રોતા. દરેક મનુષ્યને વાર્તા સાંભળવામાં ખૂબ જ રસ પડતો હોય છે. માણસ શૈશવમાં હોય કે વાધક્યમાં તેને ભોજન પાણી પછી વાર્તાના રસપાનની જરુર હોય છે. આપણા સૌનો આનુભવ છે કે આપણે બાળપણની અવસ્થાથી રાતે સૂતી વખતે વાર્તનુ રસપાન કરતા આવ્યા છીએ. આ વાર્તાઓના શ્રવણ માત્રથી સૌની દુનીયા ધીમે ધીમે વિશાળ થતી જાય છે અને અનંત જીવનના વિવિધ ક્ષેત્રોમાં કામ લાગે તેવી અનેક નીતિઓ આપણા માનસમાં અંકિત થતી જાય છે. 'હિતોપદેશ' માં કહેવાયું છે કે –

यन्नवे भाजने लग्न: संस्कारो नान्यथा भवेत् ।

कथाच्छलेन नालानं  नीति स्तदिह  कथ्यते।। ८।।[1]

અર્થાત્ - 'નવા પાત્રમાં કોઇ રંગે કે ગંધ રૂપી સંસ્કાર કર્યો હોય તો તે ક્યારેય જતો નથી. તેવી રીતે નવાં ઉગતાં બાળકોને કથાના બહાને આવેલી 'નીતિ' પણ જીવનભવ ઉપયોગી થાય છે.'

કથા દ્વારા નીતિ શીખવે તેવી કથાઓ સંસ્કૃતસાહિત્યમાં છે તેમજ બૌદ્ધસાહિત્યમાં પણ જોવા મળે છે. સંસ્કૃતસાહિત્યમાં બૌદ્ધરચિત પંચતંત્રની કથાઓ છે. બૌદ્ધસાહિત્યમાં બૌદ્ધરચિત જાતકકથાઓ છે. લોકભાષાનાં પ્રાચીન મહાકવિ ગુણાઢ્યના 'મહાભારત' અને 'રામાયણ' સાથે ઉલ્લેખાતા 'બૃહત્કથા' ગ્રંથનું શીર્ષક પોતે જ એ સમયમાં અસ્તિત્વ ધરાવતા કથાના સાહિત્ય પ્રકારનો સંકેત આપે છે. 'પંચતંત્ર'ની વાર્તાઓને 'મિત્રભેદ કથા' અને 'કાકોલૂકીયકથા' જેવા 'કથા' ભેદોમાં ગોથવવાની પધ્ધતિ પણ 'કથા' સ્વરૂપનું સૂચન કરે છે. પંચતંત્રની જ એક આવૃતિને 'તંત્રાખ્યાયિકા' કહેલી છે.

➢ **સંસ્કૃત સાહિત્યમાં કથાસાહિત્ય:-** સંસ્કૃત સાહિત્ય અનેક કૃતિઓ થી ભરપુર છે. સ્તોત્ર, સુભાષિત, નાટક તેમજ કથાઓ નો સમાવેશ સંસ્કૃત સાહિત્યમાં થાય છે. સંસ્કૃત સાહિત્યમાં જીવનની વાસ્તવિકતાનું પ્રમાણ સવિશેષ છે. પ્રસિદ્ધ કૃતિઓ જેવી કે પંચતંત્ર, હિતોપદેશ, કથા સરિતસાગર, દશકુમાર ચરિત, કાદમ્બરી વાસવદત્તા વગેરેમાં માનવ જાતિનું અત્યંત પ્રાચીન અને વ્યાપક જીવન રહસ્ય રહેલું છે. લોકસાહિત્યમાં માનવનું અને માનવજીવનનું તેના આંતરબાહ્ય સ્વરૂપનું યથાર્થ ચિત્ર મળે છે અને પંચતંત્ર તથા દશકુમાર ચરિત જેવા સાહિત્યકૃતિઓ માંથી પણ તત્કાલીન નહીં પણ સર્વકાલીન સરેરાશ માનવજીવનના સંપૂર્ણ પાસાઓનો ખ્યાલ મેળવી શકાય છે.

સંસ્કૃત ગદ્યકથાઓ માત્ર આદર્શવાદી નથી. સંસ્કૃત ગદ્યકાર માનવનો પશુ-પંખી સાથે અને બીજી બાજુ દેવતાઓ સાથે સંબંધ દર્શાવી તેને ઉત્કૃષ્ટતા અને અધમતા એમ બંને છેડા નો દર્શન કરાવે છે અને તે દ્વારા સમતોલ માનવ રજુ કરવાનો પ્રયત્ન કરે છે. દેવતાને પણ કોઈ અલૌકિક કે અદ્ભુત કાર્ય કરવું હોય ત્યારે તે માનવ રૂપે અવતાર લે છે અને પશુઓને પણ માનવની જેમ જ વર્તન કરતાં દર્શાવીને આ ગદ્યકારો એ માનવને જ કેન્દ્રસ્થાને રાખી તેની અનન્ય મહત્તા સિદ્ધ કરી છે.

➢ **કથાસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ:-** સંસ્કૃત સાહિત્યમાં કથાસાહિત્ય લોકપ્રિય બનેલ છે તથા એ દરેક અવસ્થાની વ્યક્તિને ગમે છે. બાળકથી લઈને વૃદ્ધ દરેકને કથા સાંભળવી ગમે છે. ભારતીય કથાસાહિત્ય રસપ્રદ છે તેમાં પણ બાળકો માટે ની કથા લોકપ્રિય બનેલ છે. તેનું કારણ તેમાં વ્યક્તિવિશેષનું નામ ના રાખતા પશુ-પક્ષીને રાખવામાં આવેલા છે. પશુ-પક્ષી ના મુખે માનવીય ભાષા બોલાવી કથા કહેવામાં આવેલી છે. તેથી જ તો ભારતીય કથા સાહિત્ય નું સ્થાન વિશ્વ કથાસાહિત્યમાં સર્વોપરી રહેલું છે.

ભારતીય સંસ્કૃતિ કથાસાહિત્ય ની વિશેષતા એ છે કે તે આપણને રોચક, મધુર અને સરળ લાગે છે. તેમજ તેમાં ભાવાભિવ્યક્તિ ખૂબ જ સરસ રીતે જોવા મળે છે.[2]આ ઉપરાંત ઉપદેશાત્મક વાત આપણને સ્પર્શી જાય એ રીતે આપેલી હોય છે. એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે કથાસાહિત્ય "પત્ની સમાન બોધ" આપનારી છે. ઈ.સ. પૂર્વેના સૈકાઓ પૂર્વે ગમ્મત સાથે જ્ઞાન આપવાની વાત ચાલતી હતી. રસિકોને પણ રુચિ પડે તે રીતે આ જ્ઞાન પીરસવામાં આવતું. આ પદ્ધતિ ભારતમાં ચાલી રહી હતી. કારણ વાર્તારસ વણાયેલા ઉપદેશ ઉપાદેય અને સુભોગ્ય બને છે. આ વાત આપણા પ્રાચીન સાહિત્યકારોને ખબર હતી. તેથી જ

મહાકાવ્યોની રચના થઈ તે પહેલાથી કથાસાહિત્ય વિપુલ પ્રમાણમાં મળી આવે છે. પ્રાચીન ભારતનો વિપુલ કથા સંગ્રહ ધરાવતો દળદાર ગ્રંથ એટલે "બ્રહત્કથા". હાલ તે આપણી પાસે ઉપલબ્ધ નથી. "બ્રહત્કથા" ના રચનાકાર ગુણાઢયે પૈશાચી ભાષામાં તેની રચના કરી હતી. પૈશાચી ભાષા એટલે પંખીઓ સમજી શકે તે ભાષા. આવી એક દંતકથા છે. બૃહત્કથામાં આશરે એક લાખ વાર્તાઓ છે તેવી માન્યતા છે. આ ગ્રંથનો રચનાકાળ લગભગ ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકાની પહેલાનો છે. આ વાર્તાસંગ્રહ હાલ નષ્ટ થયેલ છે પરંતુ આ ગ્રંથના આધારે ત્રણ સંગ્રહ આપણને મળી આવે છે. ૧) બુદ્સ્વામીનો "બૃહત્કથા શ્લોક સંગ્રહ". ૨) ક્ષેમેન્દ્રની "બૃહત્કથા મંજરી". ૩) સોમદેવનું "કથાસરીત્સાગર". આ ત્રણ કથા સંગ્રહ જોઈને અંદાજો લગાડી શકીએ કે આપણે ત્યાં ઈ.સ.પૂર્વે સૈકાઓથી કથા સાહિત્યની શરૂઆત થયેલી હતી. ક્ષેમેન્દ્રની કથામંજરી તેમજ સોમદત્તની કથાસરિત્સાગરમાં वेतालपंचविंशतिका મનોરંજન કરાવતી કથાઓનો સંગ્રહ છે. सिंहासनद्वात्रिंशिका જેમાં બત્રીસ પૂતળીઓ ની વાર્તા આવે છે તેમજ शुकसप्तति જેમાં પોપટ દ્વારા કહેવાયેલી ૭૦ વાર્તાઓ જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે પ્રાચીન ભારતમાં કથાસાહિત્યના વિકાસયાત્રાની ખબર પડે છે. આ ઉપરાંત બૌદ્ધ ધર્મમાં પાલી ભાષામાં જાતક કથાઓ રચાયેલી છે તે પણ કથા સાહિત્યની પ્રાચીનતા બતાવે છે. શરૂઆતમાં કથાઓનું વર્ગીકરણ થયેલું ન હતું પરંતુ કથાનકોના સ્વરૂપ ના આધારે વિવેચકોએ કથાઓના જુદા જુદા પ્રકારો પાડ્યા છે. જેમ કે અદભુત કથા (Fairy tales), લોક કથા (Marchen), કલ્પિત કથા (Myths) અને પશુ કથા (Fables) આ પ્રકારો પ્રસિદ્ધ છે આમ જોઈએ તો પશુ કથા એ પ્રાચીન ભારતનો વારસો છે.

- **પ્રાણી કથાઓનો ઉદ્ભવ અને વિકાસ:-** આપણા કથાસાહિત્યમાં મુખ્ય પાત્ર તરીકે કોઈ વ્યક્તિ ને બદલે પશુ-પક્ષી કે જીવજંતુને મૂકવામાં આવેલા છે સિંહ, વાઘ, હાથી, બિલાડી, કાચબો, શિયાળ, સસલુ, હરણ, રીંછ, ઉંદર, કાગડો વગેરે મનુષ્યની વાણીમાં આપણને નીતિની શિક્ષા આચાર તેમજ કર્તવ્ય વિશેના ઉપદેશ આપે છે. પશુ કથાઓમાં કુતૂહલ, હાસ્ય, છલ, પ્રપંચ, પ્રેમ, વિશ્વાસઘાત, ધર્મ, વ્યવહાર વગેરે જોવા મળે છે. આવી વિભિન્નતાઓ ના કારણે નાના મોટા દરેક માટેનું આકર્ષણ આપણાં સાહિત્યમાં રહેલું છે.

વેદોમાં નજર કરીએ તો તેમાં ક્યાંક ક્યાંક આપણને માણસને કોઈ પ્રાણીની ઉપમાકાકોલૂકિયમ્ ની કથામાંથી બાળકને પ્રાપ્ત થતો નૈતિક બોધ આપેલી જોવા મળે છે. તો ક્યાંક કોઈ પ્રાણી ઉપદેશ આપતાં નજરે પડે છે. ઋગ્વેદ માં આપણને આવું જોવા મળે છે. ઋગ્વેદનું એક પ્રસિદ્ધ સૂક્ત છે જેનું નામ મેંઢક સૂક્ત છે. તેમાં મંત્રગાન કરતા બ્રાહ્મણોના અવાજની તુલના

"ટરર.... ટરર...." કરનારા દેડકા સાથે કરવામાં આવી છે. ઋગ્વેદના એક મંત્રમાં મનુષ્યની આસપાસ રહેતા પશુ-પક્ષીઓમાં મનુષ્યની આદતો આવતી હોય તેવું લાગે છે. આ મંત્ર દ્વારા સ્પષ્ટ થાય છે કે મનુષ્ય અને પ્રાણી વચ્ચે એક પ્રકારનો સંબંધ સ્વીકારાયેલો છે. તેમજ તે દેડકાઓ ને આખું વર્ષ તપ કરનારા વ્રતી બ્રાહ્મણો જેવા કહ્યા છે. આ ઉપરાંત ઋગ્વેદમાં દેવોની કુતરી સરમા અને પણીયો-વણિકો નો સંવાદ છે. સરમા કુતરી કૃપણ વણિકો ને ઉપદેશ આપે છે કે ધનનું દાન કરો. વણિક સરમાને મિત્ર તેમજ બહેન કહીને સંબોધિત કરે છે. આમ જોઈએ તો વૈદિક કાળમાં જ પશુ-પક્ષીઓ જોડે આત્મીયતાના સંબંધ બંધાતો જોવા મળે છે. ઋગ્વેદના આ સમસ્યા સમાન વૃક્ષ અને જીવાત્મા ને તે વૃક્ષ પર બેઠેલા બે પક્ષીઓ કહેલા છે. બ્રાહ્મણગ્રંથોમાં આ કથાઓ નો વિસ્તાર પ્રાપ્ત થાય છે. ઐતરેય બ્રાહ્મણમાં કથા ની જોડે ઉપદેશાત્મક પદ્યો જોવા મળે છે.

- **ઉપનિષદમાં પશુકથાના મૂળ:-** ઉપનિષદમાં આપણને પ્રાણીઓમાં માનવભાવ તેમ જ માનવસહજ પ્રવૃત્તિઓ સ્પષ્ટ રીતે જોવા મળે છે. છાંદોગ્ય ઉપનિષદમાં આપણને જોવા મળે છે કે પ્રાણીઓ માનવની જેમ વર્તે છે. ચાંદો ઉગ્યો ઉપનિષદમાં (૧-૧૨) કૂતરાઓની એક રૂપકાત્મક અથવા વ્યંગ્યકથા જોવા મળે છે. જેમાં પ્રાણ ના પ્રતિક એવા કુતરાઓ એક કૂતરું એટલે કે મુખ્ય પ્રાણને an માટે પ્રાર્થના કરે છે. તેમજ છાંદોગ્ય ઉપનિષદમાં રાત્રે ઉડતા બે હંસનો વાર્તાલાપ જોવા મળે છે. તેમજ જાબાલ નો પુત્ર સત્યકામ નો સંવાદ આવે છે. તેમાં સત્યકામ વૃષભ, હંસ, મદગુ એક જળચર પક્ષી પાસેથી ઉપનિષદ સાંભળે છે તેવી વાત આવે છે. આમ આપણને જોઈએ તો ઉપનિષદમાં સ્પષ્ટ રીતે કથાઓ નથી પરંતુ આવી રીતના ના સંવાદો દ્વારા પશુ કથા નો ઉદ્ભવ થતો જોઇ શકાય છે. તેથી અહીં પૌરાણિક કથાઓનું મૂળ જોવા મળે છે.

- **મહાભારતમાં પ્રાણી કથા:-** મહાભારતમાં આપણને પશુ કથાઓનો વિકસિત સ્વરૂપ જોવા મળે છે. પશુ પક્ષીઓ મનુષ્ય જેવું આચરણ કરતા હોય તેવું વર્ણન જોવા મળે છે અને તેના દ્વારા વ્યવહારિક જીવન નો ઉપદેશ અને રાજનીતિ નો બોધ અપાય છે. મહાભારતના શાંતિપર્વ માં તેમજ બીજા કેટલાક પર્વોમાં આપણને પ્રાણી કથા જોવા મળે છે. આદિ પર્વમાં કુતરા ની કથા હાથી અને કાચબા ની કથા તેમ જ વનપર્વમાં મનુ મત્સ્ય કથાનું વર્ણન છે. શાંતિપર્વમાં નીતિ કથાઓનો ઉલ્લેખ છે. જે પશુ કથાના પ્રારંભનું પ્રતિનિધિત્વ કરે છે. કરણ પર્વમાં પ્રાણીકથાઓ મળી આવે છે. મહાભારતના આદિ પર્વમાં અ. ૧૫૩ માં પોતાના ચારે મિત્રોને છેતરનારા શિયાળ ની વાર્તા છે. તેમજ ઉદ્યોગપર્વનાં અધ્યાય ૧૧૬ માં ધાર્મિક બિલાડા અને એના દલડા ની વાત આવે છે. આ ઉપરાંત શાંતિ પર્વના અ. ૧૩૮ માં pratyutpnnmati, અનગતવિધતા અને દીર્ઘસુત્રી એ માછલીઓની

વાર્તા મળે છે. આવી રીતે મહાભારત નો અભ્યાસ કરતા ધ્યાનમાં આવે છે કે મહાભારતમાં પશુ કથાઓ મહદ્ અંશે વિકાસ પામેલી છે.

આ ઉપરાંત પતંજલિના મહાભાષ્ય માં काकतालीयाम् અને अजाकृपाणीयम् જેવા લૌકિક ન્યાયો પ્રાણી કથા નો નિર્દેશ કરે છે. જાતક કથાઓમાં ધર્મોપદેશ ના હેતુથી પ્રાણી કથાઓનું વર્ણન છે. ઇ.સ.પૂર્વે બીજા અને ત્રીજા સૈકાના સાચી અને ભારતના સ્તૂપો માં જાતક કથાઓ ના શિલ્પ છે. અને તે કથાઓના નામ શિલ્પ નીચે કોતરેલા છે. આ શિલ્પોમાં કેટલીક પશુ કથાઓ ના ચિત્રો પણ છે. જે આજે પણ ઉપલબ્ધ છે. બૌદ્ધ ની જાતક કથાઓ ૩૮૦ ઇ.સ. પૂર્વે ની છે. જેમાં બુદ્ધના ઉપદેશ તેમ જ પાછલા જન્મોમાં બુધ તેમજ તેમના સમકાલીન પુરુષોની મહત્તા ગાથાઓ ના રૂપમાં છે. આર્ય ૨૨ ની જાતક માલા સંસ્કૃતમાં છે. જેમાં ૩૫ જાતકોનો સંગ્રહ છે. તેની કથા ના રૂપમાં છે. બૌદ્ધ જાતક કથા નું અનુકરણ કરી જૈનોએ પણ જાતક ગ્રંથ લખેલો છે. તેમાં જૈન તીર્થંકરોની પૂર્વ જન્મનું વર્ણન છે.

આમ આપણા ધ્યાનમાં આવે છે કે ભારતમાં પ્રાણીકથાની પરંપરા ઘણી પ્રાચીન છે. તેમજ તેનો ઉદ્ભવ હિંદમાં થયો છે અને ઈસપની વાર્તાઓ હિન્દમાંથી યુરોપમાં ગઈ છે. તેવો મત સર વિલિયમ જોન્સ, મેક્સમુલર, શ્રી ડેવિડ અને શ્રી કીથની વગેરે વિદ્વાનોએ આપેલો છે.[3] આ તો થઈ પશુ કથાના ઉદ્ભવ અને વિકાસ ની વાતો. પરંતુ તે બધાનો પ્રભાવ આપણને પંચતંત્રમાં જોવા મળે છે. પંચતંત્રની ઘણી બધી વાર્તાઓમાં આપણને મહાભારતની પશુ કથાઓ જોવા મળે છે. શાંતિ પર્વ તેમજ બીજા પર્વોમાં મળતી પ્રાણીકથાઓ માની કેટલીક કથાઓ પંચતંત્રમાં મળતી વાર્તા સાથે સામ્યતા ધરાવે છે. શૈલીની રીતે જોઈએ તો મહાભારતની પ્રાણી કથાઓની શૈલી પંચતંત્રમાં જોવા મળે છે. પંચતંત્રના પ્રારંભમાં તેના કરતા એ બીજા નીતિશાસ્ત્ર કોની સાથે મહાભારત કાર વ્યાસજીને પણ વંદન કર્યા છે. ડો. સાંડેસરા નોંધે છે કે, "પશ્ચિમ ભારતીય પંચતંત્રની વાત કરીએ તો એમાં અનેક સ્થળે મહાભારતનો તેમના પ્રસંગો તેમજ પાત્રોને સ્પષ્ટ ઉલ્લેખ આવે છે. જે પક્ષનું સમર્થન ચાલતું હોય તે પક્ષને સર્વપ્રકારની તાર્કિક કે વાતચીત અતાર્કિક દલીલોથી અને શુભાષિતો થી દોઢ કરવાની અને ત્યાર પછી સામા પક્ષને પણ એટલી જડતાથી રજૂ કરવાની પંચતંત્રની પદ્ધતિ ઉપર મહાભારતના નીતિ વિવાદોની અસર છે. સૌથી વધારે તો, પંચતંત્રના શ્લોકોની એક મોટી સંખ્યા સિદ્ધિને સીધી મહાભારત માંથી લેવામાં આવેલી છે. પશ્ચિમ ભારતીય પંચતંત્રમાં આવા લોકો મળશે".

મહાભારતના આદિ પર્વમાં અ. ૧૫૩માં આવતી પોતાના ચાર મિત્રોને છેતરનારા ની વાર્તા પંચતંત્ર ના પહેલા તંત્ર માં આવતી વરુ અને સિંહને છેતરનારા શિયાળ ની વાર્તા સાથે તેમજ ચોથા તંત્રમાં 'શિયાળાના ચાર શત્રુઓ'ની વાર્તા સાથે સામ્યતા

ધરાવે છે. ઉદ્યોગપર્વમાં જે ધાર્મિક દંભી બિલાડા ની કથા છે તે પંચતંત્રના ત્રીજા તંત્ર कालोलुकियामમાં આવતી 'સસલા અને ચકલા નો ન્યાય કરનાર બિલાડો' સાથે સામ્યતા ધરાવે છે. શાંતિપર્વમાં ત્રણ માછલીઓની વાર્તા છે. જે પશ્ચિમ ભારતીય પંચતંત્ર ૧-૧૪માં તેમજ પંચતંત્રની તમામ પ્રાચીન પાઠપરંપરાઓમાં છે. એનો કથા સંગ્રહ શ્લોક પણ મહાભારત માંથી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત પંચતંત્રના પ્રથમ તંત્ર વેદને મળતું કથાનક શાંતિપર્વ ના અ.૧૧૧ માં જોવા મળે છે. આમ ઘણી બધી વાર્તાઓ આપણને પંચતંત્રને મહાભારત બંનેમાં જોવા મળે છે. તેથી જ શ્રી ભોગીલાલ સાંડેસરા નોંધે છે, "પંચતંત્રના અંતરંગ ઉપર મહાભારતની જે પ્રકારે અસર છે તે જોતા એવી વાર્તાઓના વિનિયોગ સંબંધમાં પંચતંત્ર મહાભારતનું જ આભારી છે એમ માનવું જોઈએ. ભારતીય સાહિત્યમાં રાજનીતિના શિક્ષણ માટે પ્રાણીકથાનો ઉપયોગ કરનાર સૌથી પહેલો ગ્રંથ મહાભારત છે અને એના આ વારસાને પંચતત્રકારે એક સ્વતંત્ર ગ્રંથ રચના રૂપે પૂર્ણપણે વિકસાવ્યો છે". બૌદ્ધ જાતક કથામાં બોધિસત્વ ના વાનર, મૃગ વગેરે જન્મની કથા છે. જે પંચતંત્રની કથાઓ સાથે સામ્યતા ધરાવે છે. આમ, પંચતંત્ર જાતક અને મહાભારતમાં આવતી પ્રાણીકથાઓ પ્રાચીન ભારતીય લોકસાહિત્યનાં અખૂટ ભંડાર માંથી લેવાયો હોવાનું વધારે સંભવિત છે.

---

[1] *હિતોપદેશ, મૂ.લે. નારાયણ પંડિત, વ્યખ્યાકાર: ગોકુલદાસ ગુપ્ત, પ્રકાશન: ચૌખમ્બા પ્રકાશન, વારાણસી, ૨૦૦૬, પૃ.૨૦૭*
[2] ભારતીય કથા સાહિત્ય, શિશિર રામાવત, સંવાદ પ્રકાશન
[3] સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, હિરાલાલ રસિકદાસ કાપડિયા, પ્રથમ સંસ્કરણ-૧૯૫૬

ડો.જય ઓઝા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર